


# ઝેવિયરવાણી

ગામડી-આણંદ ધર્મવિભાગનું માસિક મુખપત્ર

સંત ફ્રાન્સિસ ઝેવિયર તીર્થધામ, ગામડી-આણંદ

સુસ્નેહ સેવા નવજીવનાય

વર્ષ:૨૬ | અંક: ૧૩૬ | સપ્ટેમ્બર ૨૦૨૬



❀ **પ્રકાશક અને સલાહકાર:**

ફાધર જીતુ એસ.જે.

મો. ૯૪૨૭૪ ૮૦૧૮૮

❀ **તંત્રીમંડળ:**

જયેશભાઈ વિનુભાઈ મેકવાન

મો. ૯૯૨૪૯ ૫૯૯૪૯

ફાધર અમલરાજ એસ.જે.

ફાધર જયપ્રકાશ એસ.જે.

ડીકન એલામ પરમાર એસ.જે.

શોભિન મેકવાન । હેમંતભાઈ એમ. મેકવાન

જોસેફ અંતોન । સંધ્યા પરમાર

પીયૂષ એમ. પરમાર । રાજેશ પરમાર

અર્પણ મેકવાન । અનિલ પી. મેકવાન

ફલોરા મેકવાન । કીર્તિ જે. મેકવાન

પુષ્પા જે. પરમાર । જયંતીભાઈ એસ. પરમાર

➲ **વિનંતી:**

(૧) ‘ઝેવિયરવાણી’ નિઃશુલ્ક ધર્મવિભાગના તમામ ધર્મજનોને પહોંચાડવામાં આવે છે, જેથી ખર્ચને પહોંચી વળવા ઉદાર હાથે દાન આપવા વિનંતી.

(૨) ‘ઝેવિયરવાણી’ માટે લેખ, કાવ્ય, તાબાના સમાચાર, જાહેરાત વિગેરે આપવા માટે ઉપર્યુક્ત કોઈપણ સભ્યનો સંપર્ક કરવો.

**નોંધ:** ‘ઝેવિયરવાણી’માં પ્રકાશિત થતા લખાણ માટે જે તે લેખક પોતે જવાબદાર છે.

➲ **જાહેરાતના દર:** બ્લેક એન્ડ વ્હાઈટ પેજ

❖ ૧/૪ પેજ: રૂા. ૩૫૦/- ❖ ૧/૨ પેજ: રૂા. ૭૫૦/-

❖ ફૂલ પેજ: રૂા. ૧૫૦૦/-

➲ **જાહેરાતના દર:** કલર પેજ

❖ ૧/૨ પેજ: રૂા. ૧૨૫૦/-

❖ ફૂલ પેજ: રૂા. ૨૫૦૦/- ❖ સૌજન્ય અંક: રૂા. ૬૦૦૦/-


## પસંદગીનો હેતુ ...

✍ ફાધર જોસેફ એસ.જે.

સપ્ટેમ્બર મહિનો ખ્રિસ્તી પરંપરામાં, આત્મચિંતન, કૃતજ્ઞતા અને પ્રભુની ઈચ્છાને ઓળખવાનો વિશેષ મહિનો માનવામાં આવે છે. માનવજીવનના મૂળભૂત પ્રશ્નોમાંથી એક પ્રશ્ન છે: “પ્રભુએ મને કેમ સર્જ્યો? પ્રભુએ મને કેમ પસંદ કર્યો? અને આજે જીવવાનો દિવસ મને કેમ આપ્યો?” આ પ્રશ્નો માત્ર જિજ્ઞાસા નથી; તે માનવ અસ્તિત્વના અર્થ અને હેતુને સ્પર્શે છે. તે દરેક માનવના અસ્તિત્વના પ્રશ્ન છે. પવિત્ર શાસ્ત્ર આપણને સમજાવે છે કે સર્જનની પાછળ ચોક્કસ હેતુ છે (એફેસસ ૧:૮-૧૨). ઉત્પત્તિમાં આપણે વાંચીએ છીએ કે પ્રભુ નિશ્ચિત સમયમાં સર્જન કરે છે અને છ દિવસમાં કરે છે.

દરેક વ્યક્તિ પ્રભુના જ્ઞાન, પ્રેમ અને હેતુનું પરિણામ છે. સ્તોત્રકાર કહે છે કે પ્રભુએ આપણને માતાના ગર્ભમાં ઘડ્યા, આપણું દરેક અંગ ઘડતાં સંભાળ લીધી અને આપણો આ દુનિયામાં આવવાનો સમય નિર્ધારિત કર્યો છે (સ્તોત્રસંહિતા ૧૩૯:૧-૧૬). તેથી ખ્રિસ્તી વિશ્વાસમાં માનવજીવનનું મૂલ્ય તેની સિદ્ધિઓથી કે કાર્યોથી નહીં પરંતુ પ્રભુની પસંદગીથી અને પ્રભુની કૃપાથી નક્કી થાય છે.

અહીં એક મહત્ત્વપૂર્ણ આધ્યાત્મિક સત્ય પ્રગટ થાય છે: પસંદગીનો જવાબ પસંદ કરનાર પાસે જ હોય છે. કુંભારની માટી કુંભારને પ્રશ્ન પૂછતી નથી; તે પોતાને તેના હાથે ઘડાવા દે છે. પ્રભુએ ઈર્મિયાને કુંભારના ઘડાનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું કે સર્જનહારને પોતાના સર્જન ઉપર પૂર્ણ અધિકાર છે (ઈર્મિયા ૧૮:૫-૧૦). આનો અર્થ એ છે કે, સર્જન વિશ્વાસપૂર્વક પોતાના સર્જનહારને સમર્પિત કરી દે છે. સર્વજ્ઞ અને સર્વવ્યાપી પ્રભુ જે કરે છે, તે અંતે કલ્યાણ માટે જ હોય (ઈર્મિયા ૨૯: ૧૧).

આ સમજણ માણસને આંતરિક શાંતિ આપે છે. જ્યારે વ્યક્તિ પોતાના જીવનને પ્રભુની ભેટ તરીકે સ્વીકારે છે, ત્યારે ફરિયાદની જગ્યાએ કૃતજ્ઞતા જન્મે છે. કૃતજ્ઞતા માત્ર એક ભાવના નથી, તે આંતરિક અનુભવોનું પ્રગટીકરણ છે, આધ્યાત્મિક પરિવર્તનની શરૂઆત છે. જે હૃદય પ્રભુનો આભાર માને છે, તેમાં પ્રભુની ભલાઈ ઉતરવા લાગે છે. તેથી જ સંત પાઉલ સતત આનંદિત રહેવા, અવિરત પ્રાર્થના કરવા અને દરેક પરિસ્થિતિમાં આભાર માનવા માટે પ્રોત્સાહિત કરે છે (૧ થેસ્સલોનિકા ૫:૧૬-૧૮).

ખ્રિસ્તી આધ્યાત્મિકતાનો બીજો આધારસ્તંભ છે, વિનમ્રતા. માનવ પોતાની શક્તિ, જ્ઞાન કે પાત્રતાના કારણે મહાન નથી બનતો. જે કંઈ સારું છે, તે પ્રભુથી આવે છે; જે કંઈ ઉચિત છે, તે પ્રભુની કૃપાનું ફળ છે. આપણે શૂન્યમાંથી સર્જાયેલા છીએ; આપણું અસ્તિત્વ પણ પ્રભુની ભેટ છે. તેથી ગર્વ માટે કોઈ સ્થાન રહેતું નથી. પરંતુ આ વિનમ્રતા નિષ્ક્રિયતા તરફ દોરી જતી નથી. ખરી રીતે જોતાં, તે પ્રભુમાં વિશ્વાસપૂર્ણ સાહસ જગાવે છે. સંત પાઉલ જાહેર કરે છે: “મને શક્તિ આપનાર ખ્રિસ્તમાં હું બધું કરી શકું છું” (ફિલિપ્પી ૪:૧૩). અહીં ભાર “હું” પર નથી, પરંતુ “ખ્રિસ્તમાં”, એ વ્યક્તિ પર છે. જ્યારે પ્રભુ આપણા જીવનમાં કાર્ય કરે છે, ત્યારે માનવીય મર્યાદાઓને શક્તિમાં રૂપાંતરિત કરવામાં આવે છે (૨ કરિંથ ૧૨:૮-૧૦).


અનુસંધાન પાન નંબર ૦૬ ઉપર ...

# આશાનું કિરણ... મા મરિયમ અને મધર મારી થેરેસ

✍ સિ. રૂપલ પરમાર એફ.સી.

મરિયમના જન્મે આશાનો દીપ પ્રગટ્યો, અંધકાર વચ્ચે વિશ્વાસનો માર્ગ ઝળહળ્યો. ડોટર્સ ઓફ ધ ક્રોસ મંડળના સ્થાપના દિને, મધર મારી થેરેસનો ક્રોસ પરનો પ્રેમ ઝળહળ્યો.

૮ સપ્ટેમ્બરનો દિવસ આપણા હૃદયમાં આનંદ અને નવી પ્રેરણા લઈને આવે છે. આ દિવસ બે અમૂલ્ય ભેટોની યાદ અપાવે છે .પવિત્ર માતા મરિયમનો જન્મ અને ડોટર્સ ઓફ ધ ક્રોસ મંડળનો સ્થાપના દિન.

માતા મરિયમનો જન્મ માત્ર એક બાળકનો જન્મ નહોતો, તે ઈશ્વરની મુક્તિ યોજનાનો પ્રારંભ હતો. તેમના જન્મ સાથે માનવજાત માટે આશાનું નવું દ્વાર ખુલ્યું. નાઝરેથની આ નમ્ર કન્યાએ પોતાના જીવન દ્વારા બતાવ્યું કે ઈશ્વરનો વિશ્વાસ સામાન્ય જીવનને અસામાન્ય બનાવી શકે છે. મરિયમનું જીવન આપણને શીખવે છે કે ઈશ્વરની ઈચ્છા હંમેશાં સરળ નથી હોતી, પરંતુ વિશ્વાસ સાથે સ્વીકારીએ તો તે આશીર્વાદનો માર્ગ બને છે. આજના સમયમાં પણ માતા મરિયમ આપણને શ્રદ્ધામાં અડગ રહેવા, નમ્રતાથી સેવા કરવા, દુઃખ અને પડકારોમાં આશા જાળવવા અને ઈશ્વરની ઈચ્છાને આનંદથી સ્વીકારવા આમંત્રણ આપે છે. એક મા હંમેશાં પોતાના બાળકોની જરૂરિયાતો અને ઈચ્છાઓ સમજે છે તેમ માતા મરિયમ આપણી બધી જરૂરિયાતો અને ઇચ્છાઓ જાણે છે. માતા મરિયમની શ્રદ્ધા તેમની મહાનતાનું રહસ્ય હતું. આપણે આપણા જીવનમાં ઝાંખી કરીએ કે, શું હું મારા જીવનની અનિશ્ચિતતા વચ્ચે પણ માતા મરિયમની જેમ ઈશ્વર પર સંપૂર્ણ ભરોસો રાખું છું?

આવું જ કંઈ ધન્ય મધર મારી થેરેસના જીવનમાં જોવા મળે છે. ધન્ય મારી થેરેસ ક્રૂસની દીકરીઓ (ડોટર્સ ઓફ ધ ક્રોસ) ના સ્થાપિકા છે. તેઓએ માતા મરિયમ સાથેના અતૂટ બંધનથી પ્રેરાઈને આ દિવસે મંડળની સ્થાપના કરવાનુ પસંદ કર્યું. મારી થેરેસનો જન્મ ૨૭ ફેબ્રુઆરી ૧૭૮૨ના રોજ બેલ્જિયમના લિયેજ શહેરમાં થયો હતો. બાળપણથી જ તેઓ પ્રાર્થના, દયા અને ઈશ્વર પ્રેમથી ભરપૂર હતાં. તેઓએ પોતાના જીવનમાં અનેક કઠિન પરિસ્થિતિઓનો સામનો કર્યો, પરંતુ દરેક સંઘર્ષ તેમને ઈશ્વરની વધુ નજીક લાવ્યા. પોતે જે પરિસ્થિતિમાંથી પસાર થયાં હતાં તેનાથી તેમને બીજાને સમજવામાં વધુ મદદ થઈ. આથી તેઓએ ફ્રેંચ રિવોલ્યુશન દરમિયાનની સ્થિતિમાં ગરીબોને આશરો આપ્યો, શિક્ષણથી વંચિત લોકો માટે જ્ઞાનનો પ્રકાશ બન્યાં, બીમાર અને દુઃખી માટે આશા બન્યાં.

‘જ્યાં દુઃખ છે ત્યાં આશા બનો, અંધકાર છે ત્યાં પ્રકાશ બનો, અને જ્યાં નિરાશા છે ત્યાં ઈશ્વરના પ્રેમના સાક્ષી બનો.’ આ શબ્દો મધર મારી થેરેસના જીવનમાં સાર્થક બન્યા.

૮ સપ્ટેમ્બર ૧૮૩૩ ના રોજ મધર મારી થેરેસ સાથે ડોટર્સ ઓફ ક્રોસના ઈતિહાસની શરૂઆત થઈ અને એક નવો વળાંક આવ્યો. મધર મારી થેરેસે અનુભવ્યું કે ઈશ્વર તેમને વિશેષ કરીને ગરીબો, અનાથો, બીમારો અને ત્યજાયેલા લોકોની સેવા માટે બોલાવી રહ્યા છે. તેમણે ઈશ્વરની યોજનાને અનુભવી અને તેના ઉપર વિશ્વાસ કર્યો, અને ઈશ્વરના આહ્વાનને સ્વીકારીને કહ્યું, હું સૌથી ગરીબ અને સૌથી વધુ દુઃખી લોકોની સેવા થકી તમારી ઈચ્છા પૂર્ણ કરવા આવી છું. આમ અમારા મંડળનું મુખ્ય ધ્યેય છે: ‘ક્રોસના પ્રેમને અનુભવવો અને ગરીબ, પીડિત તથા જરૂરિયાતમંદ લોકોને એ જ પ્રેમનો અનુભવ કરાવવો.’

મધર મારી થેરેસ માટે ક્રોસ માત્ર દુઃખનું પ્રતીક નહોતું, પરંતુ પ્રેમ, બલિદાન અને પુનરુત્થાનની આશાનું પ્રતીક હતું. તેઓ વારંવાર કહેતાં કે જે પ્રેમથી સેવા કરે અને મુશ્કેલીઓમાં પણ શ્રદ્ધા જાળવી રાખે તે સાચો શિષ્ય.

“ક્રોસની છાયામાં પ્રેમનો દીપ પ્રગટાવ્યો,
ગરીબોનાં આંસુમાં ઈસુનો ચહેરો નિહાળ્યો;
મધર મારી થેરેસનું જીવન છે પ્રેરણાનો પ્રકાશ.
સેવા અને સમર્પણથી તેમણે જગતને આપ્યો ઉજાસ.”

તેમના માર્ગદર્શન હેઠળ આ મંડળ ઝડપથી વિકસ્યું અને વિશ્વના અનેક દેશોમાં ફેલાયું. આજે આ મંડળ ભારત, પાકિસ્તાન, નેપાળ, બેલ્જિયમ, ઈંગ્લેન્ડ, આયર્લેન્ડ, જર્મની, કેલિફોર્નિયા (યુ.એસ.એ.), બ્રાઝિલ અને સાઉથ આફ્રિકા જેવા અનેક દેશોમાં કાર્યરત છે. ભારતમાં મહારાષ્ટ્ર, ગુજરાત, ઓરિસ્સા અને કલકત્તામાં કાર્યરત છે. ઉત્તર ગુજરાતમાં રાધનપુર, મધ્યમાં આણંદ, દક્ષિણ ગુજરાતમાં નાની સિંગલોટી, ઢઢવાડા, ઝંખવાવ, કાટકુવા, અંકલેશ્વરમાં જુદાં જુદાં ધર્મસેવાનાં કાર્ય કરે છે. આજે પણ ડોટર્સ ઑફ ધ ક્રોસના સિસ્ટરો શિક્ષણ, આરોગ્યસેવા, સામાજિક સેવા અને આધ્યાત્મિક કાર્ય દ્વારા મધર મારી થેરેસના સ્વપ્નને જીવંત રાખી રહ્યાં છે.

મધર મારી થેરેસના શબ્દોમાં ‘હે મરિયમ, મારી પ્રેમાળ માતા, મારા માટે મારા તારણહારના ક્રોસ પ્રત્યે એવો ગાઢ પ્રેમ પ્રાપ્ત કરો કે જેથી મારો સ્વપ્રેમ સંપૂર્ણપણે દૂર થઈ જાય.’ તો ચાલો આપણે પણ મા મરિયમ અને મારી થેરેસની જેમ આ દુનિયામાં આશાનું કિરણ બનીએ.●



# સંત મધર થેરેસા

✍ રાજેશ પી.પરમાર

દયા અને નિ:સ્વાર્થ ભાવ આ બે શબ્દો આપણા મનમાં આવતાં એક વ્યક્તિનો ચહેરો આપણી નજર સમક્ષ તરવરે છે. તે છે, સંત મધર થેરેસા...

તેમણે ભારત આવીને ભારતવાસીઓને પોતાના અસીમ પ્રેમ દ્વારા પોતિકા બનાવી દીધાં. મધર થેરેસાનો જન્મ ૨૬ ઑગસ્ટ ૧૯૧૦ના રોજ ઉત્તર મેસેડોનીયાની રાજધાની સ્કોપજે ખાતે થયો હતો. સ્નાનસંસ્કાર સમયે તેમનું નામ આગ્નેસ રાખવામાં આવ્યું. તેમના માતાપિતા બંને ધાર્મિક હતાં અને એક ઉત્તમ કેથોલિક હતાં.

આઠ વર્ષની ઉંમરે તેમના પિતાનું અવસાન થયું. આથી તેમના ભરણપોષણની જવાબદારી તેમની માતા પર આવી. તેઓ પાંચ ભાઈ-બહેનોમાં સૌથી નાનાં હતાં. તેઓ અભ્યાસુ અને મહેનતુ વિદ્યાર્થિની હતાં. તેઓ જ્યારે માત્ર ૧૨ વર્ષની ઉંમરનાં હતાં ત્યારે જ તેમને અનુભવ થયો કે, તેઓ પોતાનું જીવન માનવસેવા માટે અર્પી દેશે.

૧૮ વર્ષની ઉંમરે તેમણે લોરેટો કોન્વેન્ટમાં પ્રવેશ કર્યો. પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને લોરેટો સંઘના સાધ્વી બન્યાં. કેટલાંય બાળકોને શિક્ષણ અને ઈશ્વર વિશે જ્ઞાન આપ્યું. વિદ્યાર્થીઓ તેમને ઘણો પ્રેમ કરતા હતા. પોતાની આસપાસ ગરીબી, લાચારી અને દુર્દશામાં જીવતાં લોકોને જોઈને તેમનું મન અશાંત રહેતું .

૧૯૪૬માં તેમણે ગરીબ, બીમાર લાચાર લોકોની જીવનપર્યંત સેવા અને મદદ કરવા માટે નિર્ધાર કર્યો. આથી તેમણે પટણાની હોલી ફેમિલી હોસ્પિટલમાંથી નર્સિંગની તાલીમ લીધી અને ૧૯૪૮માં તે કલકત્તા પાછાં આવ્યાં અને ત્યાંથી તે પહેલી વખત દાલતાલા ગયાં. જ્યાં તેઓ ગરીબ, વૃદ્ધ, માંદા લોકોની સેવા કરતી સંસ્થાની સાથે રહ્યાં. તેમણે માંદા બીમાર લોકોની સેવા કરી. રક્તપિત્તથી પીડાતા લોકોના ઘા સાફ કર્યા. ધીમે ધીમે લોકોનું ધ્યાન તેમના તરફ આકર્ષાયું, જેમાં દેશના ઉચ્ચ અધિકારી, નેતાઓ અને ભારતના વડાપ્રધાન પણ સામેલ હતા. જેમણે તેમના કામની પ્રશંસા કરી.

તેઓ આઠ દિવસની રીટ્રીટ માટે ટ્રેનમાં દાર્જિલિંગ જવા માટે મુસાફરી કરી રહ્યાં હતાં, ત્યારે તેમને પ્રભુનો અવાજ સંભળાયો કે તેઓ ગરીબોની સેવા કરે. આ વાત મનમાં ગ્રહણ કરીને, તેઓ પોતાના જીવનમાં આગળ વધ્યાં. જ્યારે તેઓ રીટ્રીટ માટે દાર્જિલિંગ પહોંચ્યાં ત્યારે તેઓએ આધ્યાત્મિક સાધના દરમિયાન પ્રભુનો જે અવાજ તેમને સંભળાયો હતો, તેમની પર તેમણે મનન ચિંતન કર્યું અને પાછા આવીને તેમણે આ વાત પોતાના સુપિરિયરને કરી અને કહ્યું કે તેઓ ગરીબોની સેવા કરવા માંગે છે. તેઓ કલકત્તાના મહાધર્માધ્યક્ષને તથા રોમમાં તે સમયના વડાધર્મગુરુને વાત કરે છે કે તેઓ ગરીબોની સેવા કરવા માટે સંસ્થાની સ્થાપના કરવા માગે છે.તેઓએ આ માટે મંજૂરી આપી. અને આ માટે તેમને પોતાની સંસ્થા છોડવી પડે છે.

લોરેટો સંસ્થા છોડ્યા પછી તેમની પાસે કોઈ નાણાં નહોતાં મનમાં ઘણી ઉથલપાથલ હતી. એકલવાયાનો અહેસાસ થયો. એક વખત લોરેટોમાં પાછા ફરવાનો વિચાર પણ આવ્યો, પરંતુ તેમણે હાર ન માની. ૭ ઓક્ટોબર ૧૯૫૦માં તેમને વેટિકનથી મિશનરી ઓફ ચેરીટીની સ્થાપના માટે મંજૂરી મળી. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ: ભૂખ્યાં, નિવસ્ત્ર, બેઘર, લુલાંલંગડાં અને ચામડીના રોગથી પીડાતા લોકોની સેવા અને મદદ કરવાનો હતો, એવા લોકો જેના માટે સમાજમાં કોઈ જગ્યા નહોતી. એવા લોકો જે સમાજથી તરછોડાયેલા હતા. મધર થેરેસાએ નિર્મલ હૃદય અને નિર્મલા શિશુ ભવનના નામથી આશ્રમ ખોલ્યો. નિર્મલ હૃદયનો હેતુ અસાધ્ય બીમારીથી પીડાતા લોકોની, તેમજ ગરીબોની સેવા કરવાનો હતો. જેમને સમાજે તરછોડ્યા હતા. નિર્મલા શિશુભવનની સ્થાપના અનાથ અને બેઘર બાળકો માટે કરવામાં આવી. સાચી લગન અને મહેનતથી કરેલું કામ કદી નિષ્ફળ જતું નથી, અને આ કહેવત મધર થેરેસા માટે સાચી સાબિત થઈ.

આજે જ્યારે આપણે જોઈએ કે કોઈપણ સંસ્થા શરૂ કરવામાં શરૂઆતના તબક્કામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે સંઘર્ષ કરવો પડે છે અને હંમેશાં આપણે માટે પડકારરૂપ બને છે, આવા સંજોગોમાં મધર થેરેસા પ્રભુનાં કાર્યો કરવા માટે ગરીબોની સેવા કરવા માટે પ્રભુનું નામ લઈને આગળ વધે છે અને આ આશયથી તે લોકોને મદદ કરતાં હતાં.

શરૂઆતના સમયમાં મધર થેરેસા એક ધર્મશાળામાં રહેતાં હતાં, ત્યારે તે સમયે ઘણા લોકોએ તેમને રોક્યા હતા. તેમનો વિરોધ કર્યો હતો. તે સમયે વિરોધ કરનાર ટોળાનો આગેવાન જ્યારે ધર્મશાળાની અંદર આવીને જુએ છે કે મધર થેરેસા ગરીબોની સેવા કરતાં હતાં, માંદા માણસોની તે જાતે સંભાળ લેતાં હતાં, અને એક રક્તપિત્તથી પીડાતી વ્યક્તિના ઘા તે જાતે જ પોતાના હાથથી સાફ કરતાં હતાં. તે જોઈને તે વ્યક્તિ આશ્ચર્યચકિત થઈ જાય છે અને બહાર આવીને કોઈની સાથે વાત કર્યા વગર ત્યાંથી ચાલ્યો જાય છે. પાછળથી તે વ્યક્તિનું હૃદય પરિવર્તન થાય છે .તે સમજી જાય છે કે મધર થેરેસા ધર્મ પરિવર્તનનું નહીં, પણ હૃદય પરિવર્તનનું કામ કરી રહ્યાં હતાં.

મધર થેરેસા કેટલાય વર્ષોથી હૃદયની બીમારીથી પીડાતાં હતાં.૧૯૯૭માં તેમની તબિયત લથડી ત્યારે તેમણે માર્ચ ૧૯૯૭માં મિશનરી ઓફ ચેરિટીના વડાનું પદ છોડ્યું. ૫ સપ્ટેમ્બર ૧૯૯૭માં કલકત્તામાં તેમનું અવસાન થયું. ૧૯ ઓક્ટોબર ૨૦૦૩માં પોપ જોન પૉલ બીજા દ્વારા તેમને સુધન્ય જાહેર કરવામાં આવ્યાં. ૪ સપ્ટેમ્બર ૨૦૧૬માં પોપ ફ્રાન્સિસ દ્વારા તેમને સંત જાહેર કરવામાં આવ્યાં.

મધર થેરેસાને કેટલાય પુરસ્કાર મળ્યા હતા. માનવતાની સેવા માટે અનેક રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયા છે.

ભારત સરકારે ૧૯૬૨માં પદ્મશ્રી એવોર્ડથી નવાજ્યાં. ૧૯૮૦ માં દેશના સર્વોચ્ચ નાગરિકનો પુરસ્કાર "ભારતરત્ન" થી સન્માન કર્યું

સંયુક્ત રાષ્ટ્ર અમેરિકાએ ૧૯૮૫માં મેડલ ઓફ ફ્રીડમથી સન્માન કર્યું.

માનવ કલ્યાણ માટે મધર થેરેસાને ૧૯૭૯માં નોબલ શાંતિ પુરસ્કાર પ્રાપ્ત થયો. તેમને આ પુરસ્કાર ગરીબો,લાચાર, નિ:સહાય લોકોની સેવા માટે આપવામાં આવ્યો. નોબેલ પુરસ્કારની ૧,૯૨,૦૦૦ ડોલરની રકમ ગરીબો માટે ફંડ તરીકે ઉપયોગ કરવાનો નિર્ધાર કર્યો હતો.

મધર થેરેસાના જીવનમાંથી ઘણી બધી સારી બાબતો શીખવા મળે છે. જેવી કે તેમનો નમ્ર સ્વભાવ. જો આપણે આપણા જીવનમાં નમ્રતાનો ગુણ વિકસાવીએ, મધર થેરેસા આપણને યાદ અપાવે છે કે આપણે એકબીજા સાથે કેવી રીતે પરસ્પર પ્રેમ રાખવો. કેવી રીતે ભાઈચારો રાખવો. આજની આ દુનિયામાં ભોજન નહીં પણ પરસ્પર પ્રેમભાવની જરૂર છે. પડોશી પ્રેમની જરૂર છે. મધર થેરેસાનું જીવન આપણને પરસ્પર પ્રેમ રાખવાનું આમંત્રણ આપે છે. આજે આપણે આ બાબત વિચારવી જ રહી કે, શું મારા સ્વભાવથી લોકોને બદલી શકું છું? શું હું મારાં કાર્યો દ્વારા લોકોના જીવનમાં ખુશી આનંદ લાવી શકું છું?●

# શિક્ષકઃ જ્ઞાન, સંસ્કાર અને રાષ્ટ્રનિર્માણના શિલ્પી

✍ પ્રેઝી વી. મેકવાન

ગુરુ એટલે અંધકારમાંથી પ્રકાશમાં લઈ જનાર. ગુરુ એટલે જેની પાસેથી કંઈક નવું શીખવા મળે તે. ઉંમર, કદ કે જ્ઞાન સાથે ગુરુને બાદ નથી હોતો પરંતુ ગુરુનું સ્થાન વ્યવસાયકારોમાં સર્વોચ્ચ ગણાય છે. સર્વ વ્યવસાયકારોને ઉચ્ચ સ્થાને પહોંચાડનાર તે ગુરુ જ છે. આમ શિક્ષકનો મોભો ખૂબ ઊંચો છે. જન્મ બાદ બાળક ઘરમાં બોલતાં શીખે છે પણ સમાજમાં એક સારો નાગરિક બનાવતાં શિક્ષક જ શીખવે છે આમ એક શિક્ષક જ આપણામાં સુવિચાર, સભ્યતા, વિવેક તથા સજાગતા કેળવવાનું કાર્ય કરે છે.

પવિત્ર ગ્રંથોમાં ગુરુશિષ્યની ઘણી બધી વાતો જોવા-વાંચવાં મળે છે. જ્યાં શિષ્યની ગુરુ પ્રત્યેની આસ્થા, વિશ્વાસ જોવા મળે છે. ગુરુને એક શિલ્પકાર કહી શકાય જે બાળકને જરૂર પડે શિક્ષા કરીને સાચા માર્ગે દોરી જાય છે. પથ્થરને છીણી, હથોડીના ઘા કરી મૂર્તિનું સર્જન કરનાર શિલ્પકારની જેમ ગુરુ પણ બાળકને જરૂર પડયે શિક્ષા દ્વારા અવળા માર્ગે જતા અટકાવી જીવનમાં આગળ વધવાનો પંથ દર્શાવે છે. આમ આવા ઉમદા કાર્ય કરતા, શિક્ષકોના માનમાં શિક્ષક દિનની ઉજવણી ભારત દેશના બીજા રાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ્ એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના માનમાં ઉજવાય છે. તેમની હયાતી વખતે બાળકો દ્વારા તેમના જન્મદિનની ઉજવણી માટે પૂછતા, તેમણે તેમના જન્મદિનને શિક્ષકો માટે સમર્પિત કર્યો હતો. આથી શિક્ષક દિન એટલે તેમની જન્મતિથિ જે સૌ શિક્ષકોના માનમાં અર્પણ કરાયો છે.

મહાન શિક્ષણ શાસ્ત્રી ચાણક્યએ શિક્ષકની ગરિમા દર્શાવતાં કહ્યું છે ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઓર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈ'' સાચે જ આ વિધાનને સમર્થન આપતાં એમ કહી શકાય કે કોઈપણ દેશની પ્રગતિ કે વિકાસ શિક્ષકના હાથમાં જ છે. બાળકને જે જ્ઞાન, સમજ અને વિવેક બુદ્ધિ ગુરુ દ્વારા પ્રાપ્ત થાય છે તે સમાજ અને દેશના હિતમાં હોય છે. આમ શિક્ષક દેશના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન અર્પણ કરે છે. આમ ગુરુ જ છે જે ભણતરના દીવાથી ઘર, સમાજને રાષ્ટ્રનું જતન કરે છે.

સમય જતાં શિક્ષણનું સ્તર તથા પ્રણાલીમાં પરિવર્તન આવ્યાં છે. આજે AI જેવા માધ્યમથી માહિતી ઝડપથી અને સરળતાથી મેળવી શકાય છે. વિજ્ઞાનની પ્રગતિ અને શોધના પગલે પુસ્તક સિવાય ટીવી, કમ્પ્યુટર, મોબાઇલ ફોન વગેરે માધ્યમથી આજે બાળકો શિક્ષણ પ્રાપ્ત કરતાં થયાં છે. આમ છતાં કોઈ પણ માધ્યમ શિક્ષકનું સ્થાન તો ન જ લઈ શકે. માહિતી, વિચાર અને ઉત્તર આ માધ્યમોથી મેળવી શકાશે પરંતુ લાગણી, વ્યવહારની કળા, અને આત્મીયતાનો ભાવ એ એક શિક્ષક જ અર્પી શકે. શિક્ષક એ માત્ર પુસ્તકિયું જ્ઞાન જ નથી પીરસતા પણ જીવનનું ભાથું અર્પે છે. જીવન જીવવાની કળા ગુરુ જ આપે છે. આપણામાં રહેલાં અજ્ઞાનતાના દ્વાર ખોલીને જ્ઞાનરૂપી પ્રકાશ પાંથરે છે. આપણા જીવનની કોરી સ્લેટમાં તે અંકો, અક્ષરો પાડી સુશોભિત બનાવે છે.

પુરાતન કાળમાં તો ગુરુશિષ્ય વચ્ચે ગુરુદક્ષિણાનો વ્યવહાર હતો. જેમાં દક્ષિણા સ્વરૂપે શિષ્ય ગુરુને ભેટ અર્પિત કરતા. પણ આજે ગુરુ દક્ષિણામાં બસ એક જ ભેટની અપેક્ષા રાખે છે કે તેનો વિદ્યાર્થી; શિષ્ય એક સાચો માનવી બની જીવનની સિદ્ધિઓ હાંસિલ કરે સમાજને અનુરૂપ જીવન જીવે અને અન્ય માટે પ્રેરણારૂપ બને એવી ઈચ્છા અને મનોકામના ગુરૂજનોની હોય છે. આવા જ્ઞાનના અવિરત પ્રવાહને સદીઓથી વહેવડાવતા એવા સર્વ ગુરુજનોને કોટિ કોટિ વંદન.●

# પરબીડિયું

✍ કીર્તિ મેકવાન

દાદર ઉતરતાં ઉતરતાં શિક્ષક પોતાના નામનું પરબીડિયું હાથમાં ફેરવી ફેરવીને જોતા હતા. પરબીડિયું એક ખૂણામાંથી વજનવાળું લાગતું હતું. કદાચ, ફાટી જવાની શક્યતા પણ હતી. શિક્ષક સાચવીને પરબીડિયાને લઈ સ્ટાફ રૂમ તરફ વળ્યા.

શું હતું આ પરબીડિયામાં?

વાત છે ૧૯૯૮માં બનેલા એક શાળાના ધોરણ પાંચના વિદ્યાર્થીઓ અને શિક્ષકના નાનકડા પ્રસંગની.

શિક્ષક જ્યારે વર્ગમાં જતા હતા ત્યારે મોનિટર શિક્ષકને પ્રશ્ન પૂછે છે ટીચર, તમારી પાસે પર્સ છે? ઘડિયાળ છે? શિક્ષકને પહેલા આવા પ્રશ્નોથી થોડું અજુગતું લાગતું કે બાળકો આવા પ્રશ્નો કેમ પૂછે છે પરંતુ શિક્ષકે ખાસ ધ્યાન આપ્યું નહીં. થોડા દિવસ પછી જાણવા મળ્યું કે ધોરણ પાંચના વિદ્યાર્થીઓ કોઈને પૂછતા હતા કે અમારી પાસે આટલા પૈસા છે તો અમારા ટીચર માટે સોનાની ચેઈન આવશે? આ વાતથી શિક્ષકને ખૂબ આનંદ થયો કે મારા વિદ્યાર્થીઓ નાના છે પણ વિચાર કેટલો મોટો છે!

જોતજોતામાં શિક્ષકદિન આવ્યો. વિદ્યાર્થીઓ ક્લાસમાં શિક્ષકની રાહ જોતા હતા. શિક્ષક આવતા દેખાયા એટલે બાળકો વર્ગમાંથી તેમના તરફ ડોકિયાં કરવા લાગ્યા. જેવા શિક્ષક નજીક આવ્યા તરત જ દોડીને અંદર જતા રહ્યા. શિક્ષક અંદર ગયા ને તાળીઓના ગળગળાટ અને ફૂલોના વરસાદથી તેમનું સ્વાગત કર્યું. બધા સાથે બોલ્યા “Happy Tecaher’s Day, Dear Teacher” બોર્ડ પર શિક્ષક દિનની શુભેચ્છા પાઠવેલી હતી. શિક્ષકે ખૂબ જ આનંદ અને ખુલ્લા હાસ્ય સાથે ભૂલકાંઓને વધાવી લીધાં. મોનિટર અને બીજા અન્ય બાળકો સાથે મળીને એક ‘પરબીડિયા’ ની ગીફ્ટ આપી. તેઓએ થોડા અફસોસ સાથે ટીચરને કહ્યું અમારી પાસે પેકિંગ કરેલી કોઈ ગિફ્ટ નથી. શિક્ષકે ખૂબ પ્રેમથી એ પરબીડિયું હાથમાં લઈ કહ્યું, ‘બાળકો આ ગિફ્ટ મને ખૂબ જ ગમી છે કારણ, આ પણ તમારા જેવું જ નાનું અમથું અને નાજુક છે એટલે અફસોસ કરશો નહીં.’ સૌનો આભાર માની શિક્ષકે વર્ગમાંથી વિદાય લીધી. પેલું સાચવેલું પરબીડિયું શિક્ષકે પર્સમાં મૂક્યું હતું. થોડીવારમાં દરેક શિક્ષક પોતપોતાની રંગબેરંગી પેકિંગ વાળી ગિફ્ટ લઈને આવ્યા. આ શિક્ષકે પણ પોતાની ગિફ્ટ બતાવી.

કોઈ શિક્ષકે પૂછ્યું પરબીડિયું? શું છે આ પરબીડિયામાં? શિક્ષકે હસીને કહ્યું કદાચ સોના મ્હોર... શિક્ષકે પરબીડિયું તોડ્યું તો તેમાંથી ૫૦ પૈસા, એક રૂપિયો, બે રૂપિયા, પાંચ રૂપિયા, પરચૂરણ અને અમુક નોટ હતી. એમ કુલ અંદાજિત ૯૮ રૂપિયા હતા. હવે સમજાયું કે પરબીડિયું એક ખૂણામાંથી વજનવાળું કેમ લાગતું હતું. પરચૂરણના ભારથી. કદાચ વારંવાર બાળ સહજતાના કારણે ખોલ બંધ કરવાના કારણે પરબીડિયું ફાટવાની તૈયારીમાં લાગતું હતું. બાળકોની ગિફ્ટે શિક્ષકને લાગણીશીલ બનાવી દીધા. શિક્ષકે કહ્યું આ મારા બાળકોનો નિખાલસ પ્રેમ છે. બાળકો અંદર બે રૂપિયા ઉમેરી સો રૂપિયા પુરા કરી શક્યા હોત, કે પરચૂરણ કાઢી રૂા. ૧૦૦ ની નોટ પણ મૂકી શક્યા હોત, પરંતુ એવું કશું કર્યું નહોતું કારણ એ નિખાલસ બાળકો હતાં. જેમ વર્ગના વિદ્યાર્થીઓએ પૈસા આપ્યા તેમ પરબીડિયામાં મૂકતા ગયા. એમને બિલકુલ ચિંતા નહોતી કે ટીચર ને શું લાગશે? જે છે એ છે. હેતુ ફક્ત શિક્ષકને ગિફ્ટ આપવાનો અને એ લીધા પછી શિક્ષકના ચહેરાનો શું પ્રતિભાવ છે એ જોવાનો અને એ એમના શિક્ષકદિનનો ખૂબ જ મહત્ત્વનો

ભાગ. કદાચ એ સમયે ટી સેટ, લેમન સેટની કિંમત કરતા આ પરબીડિયાની કિંમત અને તેની અંદરની રકમ વધારે હતી. પરંતુ બાળકોએ એવું કશું ખરીદ્યું ન હતું બસ જેમ પૈસા આવ્યા એમ ઉઘરાવી પરબીડિયું બનાવી લીધું કારણ એ તો બાળકો! ખરેખર શિક્ષક માટે એ ગીફ્ટ સોનામ્હોર હતી.

શિક્ષકને પોતાની શિક્ષણ યાત્રાની શરૂઆતમાં આ પ્રથમ શિક્ષકદિનની સૌથી મોટી ગિફ્ટ પરબીડિયું તરીકે મળી જે આજીવન યાદ રહી ગઈ .

આ આખા પ્રસંગને ધ્યાનમાં લેતાં બાઈબલની પ્રભુ ઈસુની વાણી યાદ આવે છે. માથ્થી ૧૮:૨માં પ્રભુ ઈસુ કહે છે બાળકો જેવા ભોળા બનશો તો ઈશ્વરના રાજ્યમાં દાખલ થઈ શકશો. પ્રભુ ઈસુ આપણા સાચા ગુરુ છે અને આપણે તેમના વિદ્યાર્થીઓ. પ્રભુ ઈસુની વાણી આપણને બાળકો જેવા બનવા કહે છે જેમ શિક્ષકને બાળકોની નિખાલસતા જોઈ આનંદ થાય છે તેમ પ્રભુ ઈસુને પણ પુષ્કળ આનંદ થશે, અને તો જ આપણે ઈશ્વરના રાજ્યમાં દાખલ થઈ શકીશું. લૂક ૨૧:૧-૪ (વિધવાની કોડી) અહીં પ્રભુ ઈસુ કહે છે વિધવા બાઈએ કેટલું દાન આપ્યું એ અગત્યનું નથી પણ કેવી પરિસ્થિતિમાં અને કેવી ભાવનાથી આપ્યું તે અગત્યનું છે. પ્રભુ ઈસુ આપણા સાચા ગુરુ છે અને એ જ બાબત શીખવે છે કે આપણી ભેટ નાની મોટી પેલા ધોરણ પાંચના વિદ્યાર્થીઓની જેમ કેવી છે એ અગત્યનું નથી પરંતુ દિલની શુદ્ધ ભાવનાનું મહત્ત્વ છે.

આપણે પ્રભુ ઈસુની વાણીને અનુસરવા પ્રયત્ન કરીએ.

શિક્ષક મિત્રો, આપણા દરેક વિદ્યાર્થીઓનો પ્રેમ, નિખાલસતા, માન સન્માનને આનંદથી વધાવી લઈએ અને આવા મીઠા પ્રસંગો યાદ કરી તેમને આશીર્વાદ આપીએ. સૌને “Happy Teacher’s Day” ●




# તાબાના સમાચાર

## મહિલા મંડળ દ્વારા પવિત્ર ખ્રિસ્તયજ્ઞ

૧૫-૦૮-૨૦૨૬ના રોજ તાબાના મહિલા મંડળ દ્વારા પવિત્ર ખ્રિસ્તયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત દેશના સ્વાતંત્ર્ય પર્વ તેમજ માતા મરિયમના ઉદ્‌ગ્રહણના પવિત્ર અવસરે દેશની સમૃદ્ધિ, શાંતિ અને ભાઈચારા માટે વિશેષ પ્રાર્થનાઓ તથા આભારસ્તુતિ અર્પણ કરવામાં આવી હતી.

## તેઝે (Taizé) પ્રાર્થના અને આશીર્વચન

૧૫મી ઑગસ્ટના રોજ તાબા ખાતે ‘સંત ફ્રાન્સિસ ઝેવિયર પૅરિશ યુથ’ દ્વારા તેઝે (Taizé) પ્રાર્થનાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વેદીને ભવ્ય રીતે શણગારવામાં આવી હતી, જેથી ઉપસ્થિત સર્વ શ્રદ્ધાળુઓ એક ગહન આધ્યાત્મિક અનુભવ કરી શકે. તેઝેના સુગમ સંગીત અને ભક્તિમય પ્રાર્થનાના વાતાવરણમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. પ્રાર્થનાના અંતે પવિત્ર તેલ દ્વારા વિશેષ અભિષેક કરવામાં આવ્યા હતા.

## ફાધર પરીઝા-ફાધર આલ્બર્ટ શિષ્યવૃત્તિ

ગામડી-આણંદ પેરિશનું ગૌરવ એટલે ફાધર પરીઝા-ફાધર આલ્બર્ટ શિષ્યવૃત્તિ. આર્થિક રીતે નબળા તેજસ્વી વિદ્યાર્થીઓના અભ્યાસમાં મદદરૂપ થવા શિષ્યવૃત્તિનું આયોજન વર્ષ ૨૦૧૧થી થયું. તા. ૨૩-૦૮-૨૦૨૬ના રવિવારે વર્ષ ૨૦૨૬-૨૭ માટે નીચે પ્રમાણે શિષ્યવૃત્તિ એનાયત થઈ, ભાગ-૧ ધો. ૧થી ૧૧ના ૯૨ બાળકોને રૂા. ૯૩,૫૦૦/- (ત્રાણું હજાર પાંચસો) આપવામાં આવી.

ભાગ-૨ ગ્રામ્ય વિસ્તારના બાળકોને શાળામાં ટ્રાવેલિંગ ખર્ચ પેટે રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) આપ્યા.

ભાગ-૩ ઉચ્ચ અભ્યાસ માટે ૩૨ વિદ્યાર્થીઓને રૂા. ૧,૩૬,૦૦૦/- (એક લાખ છત્રીસ હજાર) આપ્યા. કુલ રૂા. ૩,૨૯,૫૦૦/- (ત્રણ લાખ ઓગણત્રીસ હજાર પાંચસો) શિષ્યવૃત્તિ પેટે આપ્યા.

કુલ શિષ્યવૃત્તિ ભંડોળ રૂા. ૧ કરોડ ૨૫ લાખ.

આ વર્ષે દાતાઓ તરફથી નીચે પ્રમાણે દાન મળેલ છે:

| | |
|---|---|
| ૧. ઈગ્નાસભાઈ કેશવભાઈ ક્રિસ્ટી, જીવનદીપ સોસાયટી | રૂા. ૨૫,૦૦૦/- |
| ૨. થોમાસ એ. દાવલા, જેતુનપાર્ક | રૂા. ૧૧,૦૦૦/- |
| ૩. જોસેફ અંતોન પરમાર, અલ્પેશ-૩ | રૂા. ૧૧,૧૧૧/- |
| ૪. દીયા કેટરર્સ(કિરીટભાઈ), ગામડી | રૂા. ૧૧,૦૦૦/- |
| ૫. યાકુબભાઈ, પ્રશાંત સોસાયટી | રૂા. ૧૦,૦૦૦/- |
| ૬. સેમ્યુલભાઈ કાચવાલા | રૂા. ૫૦૦૦/- |
| ૭. ડૉ. અજય પરમાર, નવજીવન કોલોની | રૂા. ૫૦૦૦/- |
| ૮. અનામી દાતા | રૂા. ૫૦૦૦/- |
| ૯. ભાનુભાઈ મકવાણા, નિર્મલ નગર, ગામડી | રૂા. ૨૦૦૦/- |
| ૧૦. પુનિતાબેન, જીવનદીપ સોસાયટી | રૂા. ૧૦૦૦/- |
| ૧૧. ઈમાનુએલ જોસેફ, સ્નેહસાગર | રૂા. ૫૦૦/- |

સર્વ દાતાઓનો આભાર.

## અંકલાવ ખાતે યુવા સ્નેહમિલન

૨૩મી ઓગસ્ટે અંકલાવ ખાતે પૅરિશના યુવાનો અને યુવતીઓ માટે એક વિશેષ 'યુવા સ્નેહમિલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત એક ધ્યાન પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ફા. જીતુએ યુવાનોને ધ્યાનમાં દોર્યા હતા. યુવાનો માટે રમતો, માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં ફાધર જયપ્રકાશ એસ.જે. દ્વારા પવિત્ર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો. - સિ. મનીષા, L.D.

**પસંદગીનો હેતુ ... પાન નં. ૧ ઉપરનું ચાલુ...**

પ્રભુ સર્વજ્ઞ છે, તેથી આપણા સર્જન પાછળ ચોક્કસ હેતુ રહેલો છે. આ હેતુને સમજવા માટે મનુષ્યને પ્રભુ તરફ વળવું પડે છે. ઈર્મિયા પ્રભુના શબ્દો નોંધે છેઃ "મને પોકાર, હું તને જવાબ આપીશ અને તને મહાન તથા અગમ્ય વાતો જણાવીશ" (ઈર્મિયા ૩૩ઃ૩). પ્રભુનો હેતુ શોધવાની પ્રક્રિયા માત્ર બૌદ્ધિક નથી; તે પ્રાર્થના, ધ્યાન અને વિશ્વાસની યાત્રા છે. અંતે ખ્રિસ્તી જીવનનો પરમ હેતુ પ્રભુનો મહિમા કરવો છે.

આ મહિમા માત્ર શબ્દોથી થતો નથી. સાચી સ્તુતિ સમગ્ર જીવન દ્વારા વ્યક્ત થાય છે. જ્યારે વ્યક્તિ પોતાના પ્રભુને હૃદયમાં આવકારે છે, ત્યારે તેનાં વાણી, વિચાર અને વર્તન પ્રભુની ઉપસ્થિતિનો સાક્ષી બને છે. દર્શન ગ્રંથમાં ખ્રિસ્ત કહે છેઃ "હું બારણે ઊભો છું અને ખટખટાવું છું" (દર્શન ૩ઃ૨૦). પ્રભુનું આ આમંત્રણ સ્વીકારનાર જીવનમાં એક નવી દિશા મેળવે છે. પછી સ્તુતિ અને આરાધના, એ માત્ર પ્રાર્થનામાં જ નથી, પણ જીવન ધ્વારા થાય છે; માનવજીવોના અસ્તિત્વથી થાય છે. સર્જનહારની ઈચ્છા, એ સર્જનનું અસ્તિત્વ છે.

સંત પાઉલનું નિવેદનઃ "હું જીવું છું, પરંતુ હવે હું નહીં, ખ્રિસ્ત મારામાં જીવે છે" (ગલાતિયા ૨ઃ૨૦) - ખ્રિસ્તી સમર્પણનું શિખરબિંદુ છે, "સ્વ" મટી "પ્રભુમય", કાર્યરત થઈ જાય છે. ખ્રિસ્તાનુકરણ, સંપૂર્ણ થઈ જાય છે. સાધનમાં સર્જનહારનું દર્શન થાય છે. મારાં દરેક કાર્યની પાછળની ભૂમિકા, મારા પ્રભુ છે; બધાં જ કાર્યોનું પ્રેરકબળ પ્રભુ છે.

જીવનનો દરેક સમય, દરેક આવડત, દરેક તક, પ્રભુની સેવા માટે વપરાય ત્યારે ખરેખર સમય પવિત્ર બને છે અને બધું જ પવિત્ર બની જાય છે. ઈશ્વરના સહકાર્યકરો તરીકે અમે તમને આગ્રહભરી વિનંતી કરીએ છીએ કે, ઈશ્વરની કૃપા મળી છે, તેને વૃથા ન જવા દેશો. કારણ ઈશ્વરનાં વચન છેઃ "મારી પ્રસન્નતાની ઘડીએ મેં તારી ધા સાંભળી હતી, અને મુક્તિને દિવસે મેં તને મદદ કરી હતી." અત્યારે જ ઈશ્વરની પ્રસન્નતાની ઘડી છે, અને આજે જ મુક્તિનો દિવસ છે. (૨ કરિંથ ૬ઃ૧-૩). ઈશ્વરની પ્રસન્નતામાં થયેલું દરેક કામ પૂર્ણ છે.

માનવ જીવનની સૌથી મોટી વાસ્તવિકતાઓમાંની એક છે મરણ. મરણ આપણને શીખવે છે કે જીવન સંપૂર્ણપણે આપણા નિયંત્રણમાં નથી. જો જીવન માનવના અધિકારમાં હોત, તો કોઈ પણ પોતાનું આયુષ્ય નક્કી કરી શકત, પરંતુ જીવન અને સમય બંને પ્રભુના હાથમાં છે. આ સત્ય માણસને પોતાની મર્યાદા અને પ્રભુની મહાનતા બંનેનો અનુભવ કરાવે છે. ખ્રિસ્તી વિશ્વાસની વિશેષતા એ છે કે તે મરણ પર અટકતો નથી. ઈસુ ખ્રિસ્તે પોતાના પુનરુત્થાન દ્વારા મરણને પરાજિત કર્યું છે. તેથી વિશ્વાસી માટે મરણ અંત નહીં, પરંતુ પ્રભુ સાથેની પૂર્ણ એકતાનું દ્વાર બને છે. "મારા માટે જીવવું એટલે ખ્રિસ્ત, અને મરવું એટલે લાભ" (ફિલિપ્પી ૧ઃ૨૧) એ માત્ર આધ્યાત્મિક આદર્શ નથી; તે ખ્રિસ્તી અસ્તિત્વનું કેન્દ્ર છે. હું જે કાંઈ કરું, તે પ્રભુના મહિમા માટે જ કરું. અને મરું, તોયે પ્રભુના મહિમા માટે જ. કેમકે પ્રભુ ઈસુએ મરણને પણ "મહિમામાં" રૂપાંતર કરી દીધું છે.

આથી, વિશ્વાસીનો યોગ્ય પ્રતિસાદ સમર્પિત ભાવના છે. પોતાની ચિંતાઓ, આશાઓ અને ભવિષ્યને પ્રભુના હાથમાં સોંપી દેવું એ આધ્યાત્મિક પરિપક્વતાની નિશાની છે. "તમારી બધી ચિંતા તેમના પર નાખી દો, કારણ કે તેઓ તમારી ચિંતા કરે છે" (૧ પિતર ૫ઃ૭). જ્યારે વ્યક્તિ આ વિશ્વાસથી જીવવા લાગે છે, ત્યારે તેને સમજાય છે કે તેનું જીવન ખરેખર પ્રભુનું છે.

અંતે, માનવજીવનનો હેતુ પોતાનો મહિમા કરવો નથી, પરંતુ સર્જનહારનો મહિમા કરવો છે. વિશ્વનાં રહસ્યો, જીવનની ગૂંચવણો અને અસ્તિત્વના પ્રશ્નોના અંતિમ ઉત્તર માનવ બુદ્ધિમાં નહીં, પરંતુ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં મળે છે. તેથી વિશ્વાસી હૃદયથી કહી શકેઃ "હું જીવું છું કારણ કે પ્રભુ ઈચ્છે છે; હું સેવા કરું છું કારણ કે ઈસુ મારું પ્રેરકબળ છે; અને હું સ્તુતિ કરું છું કારણ કે મારા જીવનનો પરમ હેતુ પ્રભુનો મહિમા છે."

સપ્ટેમ્બર મહિનામાં મા મરિયમ સાથે મળીને પ્રભુનો મહિમા ગાઈએ. (લૂક ૧ઃ૪૬-૫૫). ●

### ઝેવિયરવાણીને મળેલ દાન

**પ્રભુ સર્વને આશીર્વાદિત કરે તેવી પ્રાર્થના**

૫૦૦/- સ્વ. જોનભાઈ જોસેફભાઈ મેકવાનની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ દાન, પ્રકાશ સોસાયટી, પાધરિયા.

**નોંધઃ દાનના કવર ઉપર દાતાનું નામ, રહેઠાણ અને હેતુ લખવો.**

**ન્યુ વિઝન પેસ્ટ કંટ્રોલ સર્વિસિસ**

**ઉધઈ નિવારણ કેન્દ્ર**




**નવા-જૂના ઘર, ઓફિસ, ગોડાઉન તેમજ સંસ્થાના ઉધઈ તેમજ અન્ય જીવજંતુઓનું નિયંત્રણ ઉચ્ચ કંપનીની દવા તેમજ લેબરથી ખાતરીપૂર્વક કરી આપવામાં આવશે.**

**: સંપર્ક :**

**કમલેશ મેકવાન મો. ૯૯૭૯૯ ૭૯૦૭૦**

એ/૧૨, અલ્પેશ સોસાયટી નં.૩, પાધરિયા, આણંદ - ૩૮૮ ૦૦૧

Ausblik
CONSULTING

હવે વિદ્યાનગર માં બ્રાન્ચ ઓફિસ

## તમારા દીકરા / દીકરી માટે જર્મનીમાં અભ્યાસ કે કરિયરનું આયોજન છે?

ફક્ત વિઝા ફાઇલ નહીં - જર્મની પહોંચ્યા પછી પણ **આઉસબ્લિક**ની ઓન-ગ્રાઉન્ડ પ્રોફેશનલ સર્વિસીસ.

- એરપોર્ટ આગમન અને શરૂઆતની સેટલમેન્ટ સર્વિસીસ
- Anmeldung, બેંક, SIM અને ઇન્શ્યોરન્સ સેટઅપ માટે પ્રોફેશનલ સપોર્ટ
- Mini-job / Part-time job શોધ માટે પ્રોફેશનલ સપોર્ટ
- રેસિડન્સ પરમિટ, એક્સ્ટેન્શન અથવા વિઝા બદલાવ પ્રક્રિયા માટે પ્રોફેશનલ સપોર્ટ
- નવા વાતાવરણમાં એડજસ્ટ થવા અને હોમસિકનેસ સમયે પર્સનલ સપોર્ટ
- જર્મનીમાં શરૂઆતથી PRની પ્રક્રિયા સુધી સ્થાનિક પ્રોફેશનલ સપોર્ટ ખાસ ફ્રી ઓફર મફત પ્રથમ કન્સલ્ટેશન



**ખાસ ઓફર**

**ફ્રી પ્રથમ કન્સલ્ટેશન**

**A1 જર્મન કોર્સ | A1 પરીક્ષા ફી**
**વિઝા એપ્લિકેશન ફી**
**આઉસબ્લિક દ્વારા**

# આઉસબ્લિક કન્સલ્ટિંગ

5, સુમતિ એવન્યુ, રાજકમલ બેકરી સામે,
ભૈરવનાથ રોડ, મણિનગર, અમદાવાદ – 380008.
અમદાવાદ ઓફિસ: +91 70418 22477

305, સેફ્રોન આઇકોન, નિર્મલ નિકેતન સ્કૂલ પાસે,
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર, આણંદ – 388120.
વિદ્યાનગર બ્રાન્ચ ઓફિસ: +91 9904949018

હેડ ઓફિસ - ગોટિંગેન, જર્મની: +49 15150 919293 | http://www.ausblik.com | Mail to : hello@ausblik.com

કોઈ એજન્ટ કે મધ્યસ્થી નહીં - જર્મનીથી સીધું, તમારી પ્રોફાઇલ મુજબ પ્રોફેશનલ પ્લાનિંગ. | જર્મનીમાં તમારું સંતાન એકલું નહીં રહે - નવી શરૂઆતમાં આઉસબ્લિક તમારી સાથે.

# શ્રદ્ધાંજલિ

‘પુનરુત્થાનના પ્રભાતે ફરી મળીશું.’

## સ્વ. મીનાબેન પીટરભાઈ ભાટિયા

જન્મઃ ૦૫-૦૨-૧૯૪૧

સ્વ.: ૨૩-૦૯-૨૦૨૫



સ્વર્ગધામે બિરાજેલ પરમપૂજ્ય ‘મમ્મી’ને શત્‌શત્‌ કોટિ-કોટિ વંદન.

‘મમ્મી’ તમે તો જીવન એવું જીવી ગયાં,

પરિવારને ધાર્મિક અને સામાજિક જીવન જીવવાનું શિખવતાં ગયાં.

‘મમ્મી’ તમે હાજર નથી તો...ય અમને તમે ઘરમાં જ છો તેવું લાગે છે.

હર પળ હાજરીનો આભાસ થયા કરે છે.

‘મમ્મી’ તમે અમારે કાજે કરેલાં કાર્યોથી અમે તમને હરેક પળે યાદ કરીએ છીએ.

આમ, આવી જ રીતે, આપની યાદોમાં આપનાં પ્રત્યક્ષ દર્શન કરીએ છીએ.

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના.

## સુનિલ ભાટિયા તથા પરિવાર

**Publisher:** Fr. D’monte Jitendra S.J., Parish Priest, Catholic Church, Gamdi-Anand • **Advisor:** Fr. Amalraj S.J.
**Editor:** Mr. Jayesh Macwan • **Printer:** Fr. JayaPrakash S.J., Anand Press, Gamdi-Anand • **Typeset by:** Melcom Parmar